ગુર્જરપતિ મહારાજ

वनराज चावडा नाटकनं

गायनो.

પ્રગટ કર્ત્તા.

માસ્તર. નાનાલાલ વિ. મગનલાલ.

દુહો.

નિજ બાહુના બળ થકી, કરી કીર્ત્તિ પ્રકાશ;
વેર વનરાજે વાળીને, કર્યો શત્રુનો નાશ.

અમદાવાદ.
પાનકોરનેનાકે ઘાંચીની વાડીમાં
"એંગ્લો વર્નાક્યુલર પ્રીન્ટીંગ પ્રેસ"માં
નથુભાઈ રતનચંદ મારફતીયાએ છાપ્યાં.

સંવત ૧૯૪૬—સને ૧૮૯૦.
કિમ્મત ૦-૧-૦ એક આનો.

જાહેર ખબર.

અમારા એજંટોનાં નામ.

અમદાવાદ—શેઠ. માહાદેવ રામચંદ્ર, બુકશેલર. બાલાભાઈ નગીનદાસ, બુકશેલર. ફકીરભાઈ ફીલાભાઈ, બુકશેલર. ભીખાભાઈ અમરચંદ, તથા કર્તાની પાસેથી.

નડીઆદ—જમશેદજી પેસ્તનજી, મગોળ, પોષ્ટઑફીસની પાસે.

વડોદરા—બુકશેલર. રણછોડ મોતીરામ,

ભરૂચ—કાશીરામ જેભાઈ, દારૂખાના બજાર.

સુરત—મંચેરજી જમશેદજી પોષ્ટાવાળા, ત્રીભોવનદાસ લલુભાઈ' આત્મારામ ગંગાદાસ, ઈશ્વરદાસ ગંગાદાસ, વીગરે.

વઢવાણકાંપ—ડુંગરશી ભુરાભાઈ, બુકશેલર.

ભાવનગર—બુકશેલર. પાનાચંદ તેજાભાઈ, પ્રાણજીવન હરખજી પુરૂષોત્તમ ગીગાભાઈ,અબદુલહુસેન આદમજી વ્હોરા.

જામનગર—વૈદ્ય. જટાશંકર વિ. પ્રેમજી,

લી. બુકશેલર. નાનાલાલ વિ. મગનલાલ.

वनराज विजय नाटकनां गायनो.

સૂત્રધાર—(વીણાને પુજ્યો લેઈ.) **ગીતિ.**

વિશ્વાધિશ વિનયથી, નમું નિત્યે હું ચરણે તારે,
સર્વાત્મા હે વિપત્તિ, સમયે આવજો શીઘ્ર મુજ વારે;
અંતરયામી અકળીત, કળાઓ તારી કદી નહીં કળાય,
પ્રભુ અલ્પ જ્ઞાનેથી, કેમ કરીને સ્તુતિ તારી કરાય.

પ્રજાજનો— (ખુશ રહો સનમજા—એ રાહ,)

કરીએ વીનતી હે રાય લીયો દિલધારી,
અમે પામીએ આજે દુઃખ ઉરમાં ભારી;
લાવી લસ્કર મોટું કરી મીરે ચડાઈ;
તે દેછે અમને દુઃખ શરણુ દો આઈ.
તે દેખે તેને મારે છે ગડદા પાટું,
એ દુઃખ અમોથી રાય નથી સેહેવાતું;

જયશીખર— (ક્ષત્રી કલંક કેમ લેશેરે. એ રાહ.)

શું જોઈ રહ્યા સુરપાળ, સોલંકી શત્રુ આવી ચડયોરે,
તારી સમશેર ઝટ સંભાળ, સોલંકી.
જરી વીલંબ હવે ન કર વીર; સોલંકી.
ઝટ જઈ શત્રુઓના છેદ શીર, સોલંકી.
સૈન્ય આપનું કરને તૈયાર, સોલંકી.
નથી બેસી રહ્યામાં હવે સાર. સોલંકી.

સુરપાળ—(ક્રોધથી) રાગ સદર.

કરૂં કતલ આ તીવ્ર કટાર, સોલંકીઓના ભાર શા છે રે,
એણે છંછેડયો નાગ વિક્રાળ, સોલંકી.
ખુટયાં નથી ક્ષત્રીઓનાં નિર; સોલંકી.
નવ ડરે કદી ભલે ઉડે શીર, સોલંકી.
છો આવ્યો ધરી અભીમાન. સોલંકી.
શીર છેદું એનું તાકી કમાન; સોલંકી.
મીર મુસલ્લાને મારૂં તરવાર. સોલંકી.
કરૂં કપટી એ સૌનો સંહાર. સોલંકી.

રૂપસુંદરી— (નંદલાલના મહીનાનો રાગ.)

જાવા ન દઈએ નાથરે, લડવા જાવા ન દઈએ;
માનોને અમારી વાતરે, લડવા જાવા ન દઈએ—(ટેક)
નાથ વિના રાજ મ્હેલ સુનો, મને આધાર હે વાલમ કોનો;
શો કર્યો છે આપ ગુન્હો, લડવા જાવા ન દઈએ.

જયશીખર— (ગોપીચંદ લડકા—એ રાહ.)

જક છોડો પ્યારી, એવી ન કરો કદી વાતરે. ટેક.
દુષ્ટ સોલંકી બહુ દુઃખ દે છે, તેથી પ્રજા પીડાય;
જલ્દી એને ઠાર કરીને, પાછો આવીશ આંહ્યરે. જ૦
ઘેર બેસી રહે માન ઘટે છે, મ્હેણું મારે લોક;
સાંખીને જે સુઈ રહે તે, જીવ્યો જગતમાં ફોકરે. જ૦

રૂપસુંદરી—મ્હેણાંરૂપી માર ખમે નહીં, બળીયો તે કેહેવાય;

જયશીખર—ધન્ય જનેતા પ્યારી તારી, રહો અખંડ સ
હાયરે. જક૦

મીર— [સુણો દિલ્હી તખ્ત ધરનાર-એ રાહ]

અલ્યા સુરપાળ સામો આવ્ય, દેખાડું તને હાથ મારોરે.
થયો અભીમાનમાં ગરકાવ, ઉતારૂં અભીમાન તારોરે.
જોઈ લે તું મીરનું જોર, દેખાડું૦
પળ વારમાં ઉતારૂં હું તોર, દેખાડું૦
સીંહ સામો શું કરે શીયાળ, દેખાડું૦
ખરે ખુટ્યો તારો કાળ. દેખાડું૦

સુરપાળ—ભલે ભાલાનો વરસે મેઘ, ક્ષત્રી ન પાછી પાની કરેરે
જીવ ગયે છોડે નહી તેગ, ડોળા કાઢેથી નહીં ડરેરે.
શાને સર્પ દરે નાંખ્યો પાય, ક્ષત્રી૦
ફુંટાટો મારી ફાંકડી ખાય, ક્ષત્રી૦
એક ઘડીમાં કરૂં તારી ઘાત, ક્ષત્રી૦
હજુ જોયો નથી મારો હાથ, ક્ષત્રી૦
કર બંદગી તું ખુદાની હાલ, ક્ષત્રી૦
આ શમશેર લાવી તારો કાળ, ક્ષત્રી૦

રૂપસુંદરી— દક્ષણી લાવણી.

દાસી શું કરૂં, દુઃખ થાય અતિરે,
દિલ દુખાય, કલેશ થાય, હૃદયમાંહ, સહ્યું ન જાય,
ભમી જાય મતીરે. દાસી૦
ચિત્તમાં છગી, નાથની છે હજીરે,
દ્રાક્ષ વેલ, નાગર વેલ, તરૂણ કેળ, છે ઉગેલ.
તેવી ચપળ મતીરે. દાસી૦

રૂપસુંદરી— **ખમાચ જીલ્લો.**

સુજ પ્રાણાધાર, તમ વીના આ નાર
નહીં દિલ કરાર, સુજને ઓ સ્વામી
થાઓ દૂર ક્ષણવાર પીયું ઝુરી મરૂં.

બુવડ— **[બનજારો.]**

મીર સમાચાર શા લાવ્યો? શું ગુર્જરો વશ કરી આવ્યો—ટેક.
તું જોદ્ધો છે માહાવીર, છેદે શત્રુઓનાં શીર;
નવ ડરે કદી ડરાવ્યો, મીર સમાચાર શા લાવ્યો?
કરી લડાઈ તારા સામી, કે શર્ણે આવ્યા શીરનામી;
કે લડી એને લડાવ્યો? મીર સમાચાર શા લાવ્યો?

મીર— **[બિહાગની ગજલ]**

માહારાજાજી આપ સુણો કહું છું સાચી વાત:
ગુર્જર વીરો વશ કરવા, એ નથી રમત વાત.
જોદ્ધો મોટો છે જયશીખર શુરપાળ શુરવીર.
સૈન્ય સમુદ્ર જેવું જોઈ છુટયાં સૌનાં નીર;

બુવડ—ક્રોધથી **(ક્ષત્રી કલંક કેમ લેશેરે)**

પાછાં આવતાં નાવી શરમ, છુપાવ તારૂં મુખ કાળુંરે.
જયશીખરનું ઉતારૂં ચરમ, ગુર્જરોનો હું ધાણુ વાળુંરે.
ચુડી પેહેરી તું રેહેજે હાલ. છુપાવ૦
જઈ છેદીને મારૂં સુરપાળ, ગુર્જરો૦
બસ બસ હવે કરૂં સંહાર. છુપાવ૦
કેવી ચળકે જો આ તરવાર. ગુર્જરો૦

ત્રીતાળી ચોપાઈ.

જયશીખર–શું કરવું હવે સુરપાળ, તેની બતાવ તું કાંઈ ભાળ;
ભૂવડ પંડે ચડી આવ્યો, મહા મોટું લશ્કર લાવ્યો.
તારી બેનની બીક ઉર માંહી, નથી બીજી તો બીક કાંઈ;
ગુણવંતી છે ગર્ભવંતી, નવ છુટી પડે લક્ષવંતી.

સુરપાળ— [ખુશ રહો સનમજા—એ રાહ]
જયશીખર થઈ જસવંત, નહી ગભરાશો,
કરૂં ઈલાજ હું એહ તણો, નવ અકળાશો;
અરે એના તે શા ભાર, મારી હું નાખું,
લ્યો આપું આ વચન, સત્ય સૌ ભાખું.

રૂપસુંદરી— કલ્યાણ.

સ્વામી શીરતાજ; કરૂં નમન આજ.
વચન આવું બોલતાં, લાવો કાંઈ લાજ. (ટેક.)
આપ થકી અલ્પ કાળ હું, નહીં જુદી પડનાર.
સૈન્ય સંગે લેજો મુજને, ગ્રહીશ ત્યાં તરવાર. સ્વામી૦
વિપત્તિ વખતે પતી પાસે જુદી પડે જે નાર;
નહીં એ નારી પણ તે ડાકણ, ફટ તેનો અવતાર. સ્વામી૦

જયશિખર— (ભરથરીનો રાગ.)
દુસ્મન દેશને લુંટવા, આવ્યો કરી ચડાઈજી;
રક્ષણ કરવા પુરનું, કરવી સામી લડાઈજી.
માટે જવા દોને જુદ્ધમાં.

રૂપ—અશુભ શુકન થાય છે, લાગે છે મને બીકજી;
જય—રાજ્ય ગયે કરવું શું, મરવું તેથી તો ઠીકજી,
માટે જવા દોન્જુદ્ધમાંને .

રૂપ—જીવતા હઈશું તો પામશું, કદી રાજને પાટજી;

ગુપ્ત રહી તમે ખોળજો, રાજ લેવાનો ઘાટજી,

સ્વામી જશો નહીં જુદ્ધમાં.

જય—સમજું થઈ આ શું વદે, કર કાંઈ વીચારજી,

રૂપસુંદરી—ત્યારે તજી શું જશો તમે?..........

જયશેખર—..........એમાં તે શો વિચારજી.

ઝટ જવું હવે જુદ્ધમાં.

પ્રજાજનો— **મરશીયો.**

હાય વોયરે ગુર્જર ગઢ સુનો થયો, ગુર્જર ગઢ સુનો થયો,
ગુર્જર હીરો હાથથી ગયોરે. હાય વોયરે૦

રૂવે નગરના સૌ વેપારી, પ્રેમ અગાધ આપ સંભારી;
નાનાં મોટાં નરને નારીરે. હાય વોયરે૦

સુનાં મૂકી સ્વર્ગે ફરોમાં, નિધણિયાતાં અમને કરોમાં.
આપ વિના ગમે ન ઘરોમાંરે. હાય વોયરે૦

જયવંત અને જશવંત, બુદ્ધિ સાગર અને ગુણવંત;
પ્રજા હિતમાં મચતા ધરી ખંતરે. હાય વોયરે૦

શોક સમુદ્રે લીધા તાણી, વહે ચોધારા નેણોમાં પાણી;
ખરે અષાડી મેઘ છવાણીરે. હાય વોયરે૦

સુરપાળ— મેવાડો.

એની બાવરી શું બની જાય, ખમા છાનીરે' છાની;
અરે આવડી શું અકળાય, ખમા છાનીરે' છાની.
દિન દયાળું લેશે નિત્યે, શાણી તારી સંભાળ;
જગદીશ્વરજી ઝટ મેળવશે, કરૂણા કરી કૃપાળરે. ખમા.
રેહેજે અહીંયાં ધીરજધારી, કરીશ નહીં કલ્પાંત;
ગુણિયલ છે વધું શું કહેવું, શાંખ થઈ શાંન્તરે. ખમા.

આશાગોડી.

સહાય થજો મોરારી, સંકટ સમે, સહાય થજો મોરારી. ટેક.
સુંજ પતિ અને બેની વનમાં, મુક્યાછે નિરાધારી. સંકટ—
રક્ષા તેની શ્રીરામ કરજો, દયા તમે દિલમાં ધારી. સંકટ—
જશવંત જસવંત જયશીખર, વાટ જોતાં હશે મારી. સંકટ—

નાયક—(કુંવરી કુંવર મારાં લાડકાં—એ રાગ.)

શૂરા સુરપાળ સુંણો તમે, નથી કહેવાતી વાત,
સુરપાળ કેમ અકળાય આમ તું? ....
નાયક.......................શું બોલું હું ભાત. શૂરા૦
જશવંત જસરાજજી, લડયા હિમ્મતથી પણ—
શુરપાળ-શું થયું કેહે પછી? ....
નાયક ....પડ્યા તેઓ રણ—શૂરા૦
દુસ્મન પેઠો પુરમાં, લઈ લશ્કર અપાર;
રાબી રીબી પ્રજા પીડે, મારે પુષ્કળ માર. શૂરા૦

રૂપસુંદરી— (મારારે સ્વામી મારાથી છોટા. એ રાહ.)

કુંવર મારા છાનો રહે તું વાહાલા,
કરે તારી માતા લાડકડાલાલા. કુંવર૦
રડે શીદ નયણે પાણી આણી;
છાનો છાનો "ભાઈ" કહ્યું માની. કુંવર૦

શીલગુણસુરી— **ત્રીતાળી ચોપાઇ.**

આ જંગલમાં ક્યાંથી નાર, રૂપ તેજ છે અંબાર;
કુળવંતી નારી એ લાગે, રૂડું બાળક રમે તે આગે.
કહાં વસોછો કોણ બાઈ, કોણ માત તાત કોણ ભાઈ;
વળી કોણ સ્વામી તમારા, સાથી વનમાં પડ્યા નોંધારા.

રૂપસુંદરી— (ભરથરીનો રાગ.)

મુજને મુકી પીયુ ક્યાં ગયા, દુઃખ થાય અગાધજી,
માઠા સમાચાર સાંભળી, તાપ ઉપજે અથાગજી;
ક્યારે મળશો રૂડા રાજવી.
ધીઃકાર છે આ દીનને, ધિઃક ધિઃક પળ વારજી,
ત્રિઃકાર છે કુંડા કાળને, ધિઃક પાપી તરવારજી;
જેણુરે માર્યા મારા રાજવી.
દુષ્ટ દૈવ તેં શું કર્યું, ક્યાં મુકયા છે નાથજી,
ઝટપટ તું મેળવ મને, પ્યારા પતીની સાથજી;
ક્યારે મળશો રૂડા રાજવી.

રૂપસુંદરી— (સીતાજીના મહીનાનો.)

કેમ આવ્યો નહીં સુરપાળ, ખબર લેવા માહરી,
શું તેને પડ્યું કંઈ દુ:ખ, કંપે કાયા માહરી;
પ્રભુ કૃપા કરી કૃપાનાથ, મેળવ મુજ ભ્રાત તું,
તે તારો કદી ઉપકાર, ભૂલી નહીં જઈશ હું.

સુરપાળ— **બનજારા.**

સાંભળને બેની મારી, હું વાત કહું વિસ્તારી. ટેક.
જ્યારે જુદો તુજથી પડીયો, જતાં જતાં નાયક મળીયો;
તેને ખબર કરી દુ:ખકારી. સાંભળ૦
પડ્યા લડાઈમાં માહારાય, પ્રજા પોકારે ત્રાય ત્રાય;
તેથી છુટી ધીરજ મારી. સાંભળ૦
લાચાર થઈ પાછો વળીયો, સંદેશો બુરો મળીયો,
હરણ થઈ ભાભી તારી. સાંભળ૦
જાળ દુસ્મનની તોડાવી, તુજ ભાભીને છોડાવી;
પછી આવ્યો તરફ તારી. સાંભળ૦
ઉપકાર એ જગતાતાનો, કર્યો મેળો બેન ભ્રાતનો;
માટે છીએ તેનાં આભ.રી. સાંભળ૦

સુરપાળ—(વનરાજને). **ગીતિ.**

ભલે આવ્યો તું ભાણા, કરે ખબર શી લાવ્યો છું સારી;
શી હાલત નગરીની, સત્ય કરે સૌ મુજને વિસ્તારી.
વનરાજ—સુણો મામા મારા, ખબર બુરી લાવ્યો તમારી.
સતી સ્વર્ગે સીધાવ્યાં, સદ્દગુણી શીયળવંતી મામી મારી.

સુરપાળ— ગજલ

પ્રભુ! મુજ હાલ કર્યા શા આ, અરે! આ શું થયું પળમાં
મળીશ હું ક્યાં પ્રીયાને હાય! નશીબ ફુટયું નશીબ ફુટયું!
વીધિએ લેખ લખવામાં, દયા નવ રાખી હૈયામાં,
પેલે જન્મે મળીશું પ્રાણ, હવે મરવું, નક્કી મરવું!

વનરાજ— (તરવાર પકડીને) [જફાવો સીતમકુ]

મામા દિલમાં, લાવોને વિચાર,
હજી ખપ મારે છેજ અપાર;
પીતા મૂકીને, ગયા નિરાધાર,
હવે મારે કોનો છે આધાર.
લેવું તાતનું, વેર મારે વેર,
અરે! શોકરો, તમે આ કેર;
નથી ભોમીયો, માર્ગનો કર્યો,
નથી આપ સંગે, કદી હું ફર્યો.

રૂપસુંદરી—(ગોપીચંદનો રાગ)

પ્યારા પુત્ર હો મારા, ન કર દુઃખીયારી તારી માતને
વનરાજ—સુણો માતા મારી. કૃપા કરી કરન કલ્પાંતરે.
રૂપસુંદરી—રણમાં જા નહીં પુત્ર મારા, માની મુજ વચન
આંખ્ય ઠરશે કોના થકી, લાડકડા મુજ તનરે. પ્યા૦
કેમ જીંદગી જાય મારી, સાંભળ મારા બાળ,
માટે ગુપ્ત રહીને અહીંયાં, કાઢો સુખે કાળરે. પ્યા૦

વનરાજ—છાની રહે તું માતા મારી, વિલાપથી શું થાય,
લેખ લેલાટમાં એવા જ્યારે, કોઈની નહીં બદલાયરે. સુણો૦
સીંહનું બાળ શીયાળ દેખી, ખુણે નવ ભરાય,
કદી એમ બને નહીં માતા, પૃથ્વી જો પલટાયરે. સુણો૦
રૂપસુંદરી—એક પુત્રનો વિયોગ બેટા, મુજથી નહીં વેઠાય,
પળ એક યુગ સમ વીતે, દુઃખીયા દીન કેમ જાયરે પ્યા૦

કલ્યાણ.

અબળા તણા આધાર છો પ્રભુ અબળા તણા આધાર,
આપ તણી ઈચ્છાયે ઉપજ્યો, સઘળો આ સંસાર.
અન્નોદક આપીને સૌનો, નભાવો વ્યહવાર,
આપથી અધિક નથી હે ત્રાતા, કશુંએ કોઈ પણ ઠારરે.

રૂપસુંદરી— (ખુશ રહો સનમજા—એ રાહ.)

રંગ રંગ છે વીર રંગ પ્રતાપી પ્યારા,
તેં વાળ્યું બાપનું વેર લાડકડા મારા;
ક્ષત્રીની ધારી ટેક જોર બતલાવ્યું,
દુસ્મનોને કરી દાસ નામ ફેલાવ્યું.
તુજ જેવા પુત્રો થજો વીર માતાને,
કરી વિનતી એવું માગુ જગ ત્રાતાને;
ધન્ય દિન આજનો ધન્ય ઘડી પળવાર,
ધન્ય શોભી મારી કુખ સફળ અવતાર.

વનરાજ— **ગીતિ.**

પ્યારા શાણા સરદારો, આપ કૃપાથી રાજ્ય પાછું પામ્યો;
વેર વાળ્યું વેરીઓનું, તેથી સંતોષ અતિ અંગે વામ્યો.

સર્વે પાત્રો—   કલ્યાણ.

ફતેહ ફતેહ ફતેહ, થઈ આખરે ફતેહ,
રાજ્ય પાછું મેળવ્યું, વનરાજની ફતેહ. (ટેક).
વેર બાપનું વાળી પોતે, કર્યા દુશ્મનો દાસ;
ધન્ય ધન્ય હે રાય તમોને, કરી કીર્તિ પ્રકાશ. ફતેહ.
દીવસ આજનો મંગળ દીસે, શુભ ઘડી શુભવાર;
સ્થાપના થઈ ગુર્જર ગાદીની, બોલો જય જયકાર. ફતેહ.
ભુલ ચુક આવી હોય, ખેલ માંહી આજ;
માફી તેની માગે પ્રીતે, હળી મળી સમાજ ફતેહ.

સમાપ્ત.

અમારી ઑફીસમાં વેચાતા પુસ્તકો.

મોટાં નાટકો.	**રૂ. આ. પૈ.**	**ગાયનો**	**રૂ. આ. પૈ.**
ભર્ત્તૃહરી નાટક.	૧—૦—૦	ભર્ત્તૃહરીનાં ગાયનો.	૦—૨—૦
ચાંપરાજહાડાનું નાટક.	૧—૦—૦	ચાંપરાજ હાડાનાં ગાયનો.	૦—૨—૦
ઉદેપુરના રાણો રાજસીંહ.	૧—૦—૦	રાણારાજસીંહનાં ગાયન	૦—૨—૦
વિલાસચંદ્ર નાટક.	૧—૦—૦	પૃથુરાજરાઠોડનાં ગાયન.	૦—૨—૦
સુબુદ્ધિ સત્ય દર્શક.	૧—૦—૦	હરીશ્ચદ્ર તારામતી ગા.	૦—૨—૦
રાણકદેવી રાહખેંગાર.	૦—૮—૦	વનરાજ ચાવડાનાં ગાયન.	૦—૧—૦
દુલપસીંહ નાટક.	૦—૬—૦	ચંદન મલ્યાગરીનાં ગાય.	૦—૨—૦
ભર્ત્તૃહરી (ભાવનગરનું).	૦—૬—૦	સદેવંત સાવલીંગા નાટક.	૦—૧—૬
પ્રતાપસીંહ રૂપસુંદરી ના.	૦—૬—૦	રાણકદેવી રાહખેંગાર.	૦—૧—૦
ઉદેપુરના પ્રતાપસીંહ ના.	૦—૩—૦	શાકુન્તલા નાટકનાં ગાયન.	૦—૨—૦

વાર્તાઓ		**ફારસો**	
સદેવંત સાવળીગાની વા.	૦—૧—૬	મી. ફુલણજીનો ફારસ મો.	૦—૨—૦
ગુલબંકાવળીની વાર્તા.	૦—૧—૬	બાસુદીપુરીનો ફારસ.	૦—૧—૦
બરાસકસ્તુરીની વાર્તા.	૦—૧—૬	કજોડા દુઃખદર્શક ફારસ.	૦—૧—૦
સુંદર કામદારની વાર્તા.	૦—૧—૬	સ્ત્રી ચરીત્રનો ફારસ.	૦—૧—૦
મેના પોપટની વાર્તા.	૦—૧—૦	ગપ્પીદાસની ગપ્પ.	૦—૧—૦
ઝમોડીની રમુજી વાર્તા.	૦—૧—૦	હીરામાણેકનો ફારસ.	૦—૧—૦

એ સિવાય ઘણી જાતનાં નાટકો, વાર્તાઓ, જૈનધર્મનાં, વિષ્ણુ ધર્મનાં, કિસ્સા, અર્થો વિગરે પુસ્તકો અમારી પાસેથી મળશે. જથાબંધ લેનારને કમીશન ઘણુંજ સારૂં આપવામાં આવશે. પત્રવ્યહવાર નીચેના શીરનામે રાખવો.

માસ્તર નાનાલાલ વિ. મગનલાલ.

અમદાવાદ—ગુસાપારેખની પોળ.